(Posted & Published on 5th day of Each Month)

દર મહિનાની '૫' તારીખે પ્રકાશિત

વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન

1

ફેબ્રુઆરી - ૨૦૨૫

RNI NO. 14974/57 • R.NO.GAMC-56/2024-2026 • Valid up to 31 Dec. 2026



કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી, વલભીપુર

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્

# વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન

(ગુજરાતી માસિક)


## VALAM BRAHMAN GNATI VARTMAN (Gujarati Monthly)

શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ સંચાલિત જ્ઞાતિનું મુખપત્ર

અંક-૨★વર્ષ-૭૬★માસઃ મહા-ફાગણ★સંવત-૨૦૮૧★તા. ૦૫-૦૨-૨૦૨૫

વાર્ષિક લવાજમ રૂ.૫૦ ★ છુટક નકલ રૂ. ૫=૦૦

સંપાદક : કીર્તન દીક્ષિત    તંત્રી : જયપ્રકાશ શુક્લ



આદ્યસ્થાપક સંતશ્રી પુનિત મહારાજ

ત્રિવેણી માધવં સોમં ભરદ્વાજંચ વાસુકિમ્ ।
વન્દે અક્ષયવટં શેષં પ્રયાગં તીર્થનાયકમ્ ॥



## ધન્ય પ્રયાગરાજ

(રાગ : ધન્ય એકાદશી.....)

ધન્ય પ્રયાગ રાજ (૨)
ત્રિવેણી સંગમનું મોટું તીર્થ છે.
ગંગા જમનાનો સંગમ છે
ત્યાં સરસ્વતી અદ્રશ્ય છે
વળી મહિમા એવો અગમ્ય છે... ધન્ય...
સૌ ભક્તિપૂર્વક સ્નાન કરે
અક્ષયવટને સૌ સ્પર્શ કરે,
માધવ-ચરણોની પૂજા કરે... ધન્ય...
મહા મહિનાનો છે સ્નાનવિધિ
ન્હાશે મેળવશે પુણ્યનિધિ
મેળવતા રિદ્ધિ ને સિદ્ધિ.. ધન્ય..
જ્યાં થાય ઋષિજનનો મેળો,
સંતસમાજ ત્યાં થાતો ભેળો,
દર્શન કરવા 'પુનિત' ભેળો... ધન્ય...

**સ્વ. ભૂપેન્દ્રભાઈ રામચંદ્ર આચાર્ય તથા**
**સ્વ. ઈલાબેન ભૂપેન્દ્રભાઈ આચાર્યની પૂણ્ય સ્મૃતિમાં**
**આ અંકના પ્રાયોજક - સ્પોન્સરર**
**શ્રી જયેન્દ્રભાઈ રામચંદ્ર આચાર્ય તથા પરિવાર**

-: પ્રમુખ :-
રશ્મીકાંત આચાર્ય
મો. ૯૭૨૬૪૭૫૮૮૪
-: ઉપપ્રમુખ :-
જયપ્રકાશ શુકલ
મો. ૯૮૨૪૪૭૯૯૪૪
-: મંત્રી :-
દિલીપભાઈ દીક્ષિત
મો. ૯૧૦૬૩૧૫૪૬૯
-: તંત્રી :-
કીર્તનભાઈ દીક્ષિત
મો. ૯૬૬૨૯૫૭૦૨૭
-: ખજાનચી :-
ભરત ભટ્ટ
મો. ૯૫૧૦૮૯૩૫૮૫
-: કાર્યાલય મંત્રી :-
જયેશભાઈ મહેતા
મો. ૯૯૯૮૮૦૪૮૩૮
-: સહતંત્રીઓ :-
મિતેશભાઈ અધ્વર્યુ
મો. ૯૧૫૭૦૮૭૭૨૧
કૌશલ પુરોહિત
મો. ૯૭૨૫૭૬૮૭૮૯
જયેશ પંડ્યા
મો. ૯૭૩૭૨૫૫૭૭૭
સુશીલભાઈ વ્યાસ
મો. ૯૯૭૯૭૫૮૭૦૨
-: કન્વીનર મંદિર કમિટી :-
મહેશભાઈ દીક્ષિત
મો. ૯૯૯૮૪૮૫૯૩૯
: કન્વીનર છાત્રાલય કમિટી :
ભદ્રેશભાઈ પુરોહિત
મો. ૯૮૭૯૨૫૯૦૫૫
: વ્યવસ્થાપક છાત્રાલય :
રાકેશભાઈ પુરોહિત
મો. ૯૪૨૬૦૪૨૧૧૦
:કન્વીનર શિક્ષણ કમિટીઃ
નિલેશભાઈ શુકલ
મો. ૯૮૭૦૦૭૬૫૬૬
:કન્વીનર વેબસાઈટ કમિટીઃ
અપૂર્વ પંડ્યા
મો. ૯૭૨૭૭૧૯૬૪૩
-: ટ્રસ્ટી મંડળ :-
કૌશિકભાઈ અધ્વર્યુ
મો. ૯૮૭૯૫૧૯૧૬૩
યોગેશભાઈ પાઠક
મો. ૯૪૨૮૧૨૫૫૬૩
દિલીપભાઈ જોષી
મો. ૯૯૦૯૯૬૨૦૨૬
શૈલેષભાઈ વ્યાસ
મો. ૭૬૦૦૨૧૩૭૭૦
ભાર્ગવભાઈ જોષી
૯૪૨૬૩૬૭૦૧૯

## તંત્રી સ્થાનેથી ...

**ભાસ્કરસ્ય યથા તેજો મકરસ્થસ્ય વર્ધતે ।**
**તથૈવ ભવતાં તેજો વર્ધતામિતિ કામયે ॥**

સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે, પછી તેનું તેજ દૈનંદિન વધતું હોય છે. એવી જ રીતે બધા બ્રાહ્મણો (વિદ્વાનો)નું તેજ-યશ-કીર્તિ પણ પ્રતિદિન વધતાં રહે.

સમગ્ર સનાતન હિંદુ ધર્માવલંબીઓ માટેનું મહાપર્વ એવા મહાકુંભમેળાનું આયોજન ૧૪૪ વર્ષ પછી તીર્થરાજ પ્રયાગ ખાતે ત્રિવેણી સંગમ સ્થળે થયું છે. લાખોની સંખ્યામાં સમગ્ર વિશ્વમાંથી લોકો આ સ્થળે પવિત્ર સ્નાન માટે જઈ રહ્યા છે. સંત શ્રી પુનિત મહારાજે તીર્થરાજ પ્રયાગનો મહિમા ગાન કરતા પુનિત રામાયણમાં ભજન લખ્યું છે જે ટાઈટલ પેજ પર આપ સહુ સમક્ષ રજૂ કરેલ છે.

વાલમ બ્રાહ્મણ યુવાનોના ખેલ મહાકુંભ સમાન વીબીપીએલના સફળ આયોજન બદલ સર્વે આયોજક તેમજ ભાગ લેનાર યુવાનોને અભિનંદન. જ્ઞાતિના અન્ય કાર્યોમાં તેમજ મંડળોમાં પણ યુવાનો જોડાય. યુવાનોને રસ પડે તે માટેનું ચિંતન કરવા જેવું છે. જેમ દેશનું ભવિષ્ય યુવાધન છે તેમ જ્ઞાતિ મંડળોનું ભાવિ પણ યુવાનોના હાથમાં છે. વધુમાં વધુ યુવાનોને જ્ઞાતિ મંડળોમાં રસ લેતા કરવા માટે વડીલોએ પણ પ્રયત્નો કરવા પડશે. આગામી વસંત ઋતુ વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ માટે પણ નવ વસંત બનીને આવે તથા વર્ષોથી સુકા ભઠ્ઠ પડેલા જ્ઞાતિ વિકાસના અનેક વૃક્ષો પણ યુવા ધનના પ્રયત્નો થી નવ પલ્લવિત બને તેવી માં વાઘેશ્વરી તથા સંત શ્રી પુનિત મહારાજને પ્રાર્થના.

## એક હસીન શામ જવાનો કે નામ...



માનવતા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આ વર્ષે ૭૬મા ગણતંત્ર દિવસ તા. ૨૬-૧-૨૦૨૫ના રોજ ભારત દેશની સરહદો પર આપણી રક્ષા કાજે ખડે પગે ફરજ બજાવતા દેશના વીર જવાનોના લાભાર્થે - એક હસીન શામ જવાનો કે નામ - કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં ઉભરતા કલાકારો દ્વારા વિવિધ દેશભક્તિના ગીતો સાથે વોઈસ ઓફ મહંમદ રફી શ્રી બંકિમભાઈ પાઠક વિશેષ ઉપસ્થિત રહી લાભ આપેલ. એલિસબ્રિજ વિસ્તારના ધારાસભ્ય શ્રી અમિત શાહે સદર કાર્યક્રમમાં ઉપસ્થિત રહી આશીર્વાદ આપેલ. વાસણા વિસ્તારના વીર શહીદ કેપ્ટન નિલેશ સોનીને આ પ્રસંગે યાદ કરીને વિશેષ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ. કાર્યક્રમ દ્વારા એકત્રિત થનાર ફાળો દેશના વીર જવાનોના લાભાર્થે અર્પણ કરવામાં આવનાર છે.

# શ્રદ્ધાંજલિ



**સ્વ. ભૂપેન્દ્રભાઈ રામચંદ્ર આચાર્ય**
**જન્મ તારીખ : ૮-૭-૧૯૪૧ સ્વ.તા. ૩૦-૯-૨૦૧૬**
**પુણ્યતિથી : ભાદરવા વદ અમાસ**
દરિયાદિલી જેમના શ્વાસોમાં હતી,
કરૂણા જેમના હૃદયમાં હતી,
પરોપકાર જેમના પગલામાં હતો,
કોઈના દુઃખે દુઃખી અને કોઈના સુખે સુખી એવો
જીવનમંત્ર હતો. આખું જીવન તનતોડ મહેનત કરી
સુખનો સાગર સોંપતા ગયા.

**સ્વ. ઈલાબેન ભૂપેન્દ્રભાઈ આચાર્ય**
**જન્મ તારીખ : ૧-૬-૧૯૪૩ સ્વ.તા. ૨૬-૮-૨૦૦૮**
**પુણ્યતિથી : શ્રાવણ વદ દસમ**
રડી પડે છે આંખો અમારી, દરેક પ્રસંગે ખટકશે
ખોટ તમારી, પળભરમાં છેતરી ગયા અમને,
હસમુખો ચહેરો, માયાળુ-ઉદાર સ્વભાવ, સૌમ્ય
વ્યક્તિત્વ સદાય યાદ રહેશે અમોને. ઈશ્વરને
પુછીશું અમે કે જેની જરૂર હતી અમારે તેની તમારે
શી જરૂર પડી ?

**અંજલી અર્પણ કરીએ તો આંસુ સરે છે. તસ્વીર તમારી જોતાં હૈયું રડે છે.**
**દરિયા જેવું નિખાલસ હૃદય, કુટુંબ સાથેનો આપનો આ અદ્‌ભુત નાતો કાયમી સંભારણું બની રહેશે.**
**ઈશ્વર તમારા પવિત્ર અને દિવ્ય આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.**

આપનો પરિવાર
જયેન્દ્રભાઈ રામચંદ્ર આચાર્ય - રીટાબેન જે. આચાર્ય
ભાવિન ભૂપેન્દ્રભાઈ આચાર્ય - પુનિતા ભાવિન આચાર્ય, તર્જની, પ્રસન્ના, હિમાંશ
વાસ્વિ અને દિવ્યાંગ મહેતા, ભૂમિક દિવ્યાંગ મહેતા, આશ્લેષા ભૂમિક મહેતા, શિવાય

# જ્ઞાતિ સેવક બંધુ બેલડી

## કુલીનચંદ્ર ભગવાનદાસ જોષી



મૂળ વિસતપુરાના વતની અને અમદાવાદમાં સ્થાયી થયેલ કુલીનભાઈનો પરિવાર ગરીબાઈમાંથી સ્વબળે આગળ વધેલ. મોસાળ રાધનપુરમાં મેટ્રીક સુધીનું શિક્ષણ પૂર્ણ કરી અમદાવાદમાં પોસ્ટ ખાતામાં નોકરી સ્વીકારી. વાલમ વર્તમાનના રેપર્સ પર એડ્રેસ હાથથી લખવાની કામગીરી લાંબા સમય સુધી બજાવનાર કુલીનભાઈ હંમેશા હસતા અને આનંદીત ચહેરા માટે યાદ રહેશે. સાઈકલ પર કે બસમાં મહામંડળની કામગીરી માટે નક્કી કરેલ સ્થળે સમયસર પહોંચી જતા. સહતંત્રી તરીકેની તેમની કામગીરી નોંધનીય હતી. ૮૮ વર્ષનું આયુષ્ય ભોગવનાર કુલીનભાઈએ કરકસર અને સ્વાવલંબનને જીવનમંત્ર બનાવ્યો હતો. ચુંવાળ મંડળમા પણ તેમણે વિવિધ હોદ્દાઓ પર નોંધપાત્ર સેવાઓ આપેલ.

## વિનુકૌશિક ભગવાનદાસ જોષી



મોટાભાઈ કુલીનભાઈના પગલે તેઓ પણ જ્ઞાતિસેવાના રંગે રંગાયેલ હતા. વાલમ વર્તમાનના તંત્રી તરીકે આઠ વર્ષની તેમની સચોટ અને કાર્યદક્ષ કામગીરીના સમાજને દર્શન થયા. પોસ્ટખાતામાં પોસ્ટમાસ્તરની દૈનિક જવાબદારી બાદ રાત્રે ૮ વાગે પ્રેસ પર જવાનું અને રાત્રે ૧૦ વાગે ઘરે જવાનું અને તે પણ સાઈકલ પર. ચુંવાળ વિભાગનું વસ્તીપત્રક તૈયાર કરી પ્રકાશિત કરવામાં તેમનો સિંહફાળો હતો. પોતાના વિચારો નિર્ભય રીતે રજૂ કરવા એ એમની લાક્ષણિકતા હતી. ૬૩ વર્ષની ઉંમરે જીવનલીલા સંકેલી લેનાર વિનુકૌશિક જોષી ઉંચા ગજાના જ્ઞાતિસેવક તરીકે હંમેશા યાદ રહેશે.




નવચેતન ઈન્ટરનેશનલ ઈવેન્ટ એરેન્જર

લગ્નગીત, ગરબા, મહેંદી ગીત, મહેંદી ડિઝાઈન, સંગીત સંધ્યા, ફંડ રેઈઝ કાર્યક્રમ, માઠા પ્રસંગે ભજન સંધ્યા, કેરીઓકે ઉપર તેમજ લાઈવ એન્કર – ફીમેલ સીંગર / મેલ સીંગર તેમજ

એક યાદ રફી કે બાદ - બંકીમ પાઠક : સંપર્ક : ૯૮૨૪૦ ૯૮૮૪૮, ૯૮૨૪૦ ૯૮૮૫૮


જીવનના દરેક પ્રસંગને યાદગાર બનાવવા અમદાવાદ તથા ગુજરાતના કોઈપણ શહેર-ગામમાં કાર્યક્રમ માટે સંપર્ક કરો



Student Visa/PR

DHAVAL JOSHI
(Visa Expert)
+91 9725676019


Reach us to Reach Abroad



# જ્ઞાતિ સમાચાર

## અભિનંદન

સ્ત્રી સશક્તિકરણ વિષય પર વાલમ વર્તમાનના ભૂ.પૂ.સહતંત્રી તથા અમદાવાદના જાણીતા ચિત્રકાર ડૉ. હેમંતકુમાર એસ. પંડ્યાએ બનાવેલ કેનવાસ પેઈન્ટીંગને મણીકર્ણિકા આર્ટ ગેલેરી, ઝાંસી, ઉત્તરપ્રદેશ આયોજિત રાષ્ટ્રીય કક્ષાની ઓનલાઈન કલા સ્પર્ધા અને પ્રદર્શનમાં ગોલ્ડ મેડલ એવોર્ડ મળેલ છે. આસામ અને લખનઉના ચિત્રકારોને સિલ્વર એવોર્ડ તેમજ કેરળ અને મહારાષ્ટ્રના ચિત્રકારોને બ્રોન્ઝ એવોર્ડ મળેલ છે. ગોલ્ડ એવોર્ડ મેળવી ગુજરાતનું ગૌરવ વધારનાર શ્રી હેમંત પંડ્યાને ખૂબ ખૂબ અભિનંદન.




## શ્રી વાલમ બ્રાહ્મણ મહિલા મંડળ

શ્રી વાલમ બ્રાહ્મણ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા સામાન્ય સભા યોજીને નવનિયુક્ત કારોબારી સભ્યો દ્વારા નવા પદાધિકારીઓને નીમવામાં આવ્યા છે. તસ્વીરમાં ડાબેથી ખજાનચી શ્રીમતી વાસવીબેન દિવ્યાંગભાઈ મહેતા, મંત્રી શ્રીમતી દેવાંગીબેન કૌશિકભાઈ અધ્વર્યુ, પ્રમુખ શ્રીમતી માધવીબેન મનીષભાઈ દીક્ષિત તથા ઉપપ્રમુખ શ્રીમતી પ્રજ્ઞાબેન ઉમેશભાઈ અધ્વર્યુ દ્રશ્યમાન થાય છે. નવનિયુક્ત તમામ કારોબારી સભ્યો તથા હોદ્દેદારોને માં વાઘેશ્વરી તથા સંત શ્રી પુનિત મહારાજ મહિલા ઉત્કર્ષના કાર્યો કરવા ખૂબ શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે અભિનંદન.



## જન્મ વધામણાં

મૂળ રાધનપુર, હાલ સુરત નિવાસી શ્રી દેવેશકુમાર રતિલાલ વ્યાસ તથા અ.સૌ. અંજનાબેન (સ્વ.અનંતરાય શિવશંકર અધ્વર્યુની સુપુત્રી) ના સુપુત્ર ચિ. રોનક તથા તન્વીના ઘરે સુપુત્રી ચિ. કાવ્યાનો તા. ૧૩-૧-૨૫ના રોજ જન્મ થયેલ છે. જે નિમિત્તે મહામંડળને રૂા. ૫૦૦/- ભેટ મળેલ છે.

## લગ્ન સમાચાર

★ મૂળ ધંધુકા, હાલ કેનેડા નિવાસી સ્વ. જનાર્દન રવિશંકર દીક્ષિત તથા ગં.સ્વ. કપિલાબેન દીક્ષિતની પૌત્રી, મેહુલભાઈ અને નેહાબેનની સુપુત્રી, ચિ. પ્રિયંકાના શુભલગ્ન, ચિ.કુંજ (હેતલબેન અને તરૂણભાઈ પટેલના સુપુત્ર) સાથે તા. ૧૯-૧-૨૦૨૫ના રોજ સંપન્ન થયેલ છે. નવદંપતિને હાર્દિક શુભેચ્છા સહ આશીર્વાદ.

★ સંજાયાના શ્રી જીતેન્દ્રકુમાર હરિકૃષ્ણ પુરોહિત તથા અ.સૌ. પ્રજ્ઞાબેન જીતેન્દ્રકુમાર પુરોહિતના સુપુત્ર ચિ. વૃંદ ના શુભલગ્ન અમદાવાદ નિવાસી શ્રી રાજેશભાઈ સુર્યકાંતભાઈ જોષી તથા અ.સૌ. નિરૂબેન રાજેશભાઈ જોષીની સુપુત્રી ચિ. શ્રુજલ સાથે થયેલ છે.

## જ્ઞાતિનું ગૌરવ

કુળદેવી શ્રી બહુચર માતાની અસીમ કૃપાથી મૂળ ગુંજાર હાલ આણંદ નિવાસી શ્રી હર્ષદરાય પોપટલાલ ઉપાધ્યાય અને શ્રીમતી કિર્તિકાબેન હર્ષદરાય ઉપાધ્યાયના પુત્ર કંદર્પ હર્ષદરાય ઉપાધ્યાય તથા પુત્રવધુ હેમાંગીની કંદર્પ ઉપાધ્યાયના પુત્ર ચિ. નિસર્ગ કંદર્પ ઉપાધ્યાયે આઈઆઈટી ખરગપુરથી કોમ્પ્યુટર સાયન્સ અને એન્જીનીયરીંગની બી.ટેક. અને એમ.ટેક. ડિગ્રી પ્રથમ સ્થાન સાથે પ્રાપ્ત કરેલ છે. આ ઉપરાંત આઈઆઈટી ખરગપુરમાં ઉચ્ચતમ સીજીપીએ ૯.૯૬ સાથે પ્રથમ સ્થાન મેળવવા બદલ ઈન્સ્ટીટ્યુટનો પ્રાઈમ મિનિસ્ટર ઓફ ઈન્ડિયા ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે તેમજ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટમાં ઉચ્ચતમ સીજીપીએ સાથે પ્રથમ આવવા બદલ સિલ્વર મેડલ પણ પ્રાપ્ત કરેલ છે.

### શુભેચ્છક

દેવાંગ ઉપાધ્યાય (કાકા) USA
ક્રિષ્ના ઉપાધ્યાય (કાકી) USA
પૂર્વી ચોક્સી (ફોઈ) Canada
હેમલ ચોક્સી (ફુઆ) Canada
કૃપા ઉપાધ્યાય (ફોઈ)

મહેન્દ્ર ભટ્ટ (નાના)
જ્યોતિ ભટ્ટ (નાની)
તૃપ્તિ ઉપાધ્યાય (માસી)
રાજેન્દ્ર ઉપાધ્યાય (માસા)
કાર્તિકેય ભટ્ટ (મામા) USA
શિવા ભટ્ટ (મામી) USA

સ્વ. વિનોદચંદ્ર પોપટલાલ ઉપાધ્યાય નો પરિવાર





## શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળની કારોબારી/ટ્રસ્ટી મંડળની બેઠકનો અહેવાલ

શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળના ચાર જથ્થા વિભાગના યજમાન પદના આમંત્રણને માન આપી મહામંડળની બીજી કારોબારી બેઠક તા. ૧૫-૧૨-૨૦૨૪, રવિવાર, સવારે ૧૦.૩૦ કલાકે, શ્રી વાઘેશ્વરી ધામ, ઓગણજ, અમદાવાદ મુકામે રાખવામાં આવેલ. સદરહુ બેઠકમાં સર્વે હોદ્દેદારો, કારોબારી સભ્યશ્રીઓ સમયસર ઉપસ્થિત રહેલ.

મહામંડળની કારોબારી બેઠકમાં પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, મહામંડળના હોદ્દેદારો, ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ તથા ચારજથ્થા વિભાગના યજમાનપદના આમંત્રણ આપેલ મુખ્ય મહેમાન શ્રી રસિકભાઈ એસ. જોષીને ડાયસ ઉપર બેસવા આમંત્રણ આપવામાં આવેલ. સર્વેનું પુષ્પગુચ્છ, શાલ તથા શાબ્દિક સ્વાગત કરાયું.

એજન્ડા મુજબ કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી તથા સંતશ્રી પુનિત મહારાજના ફોટાને હાર પહેરાવી તથા દિપ પ્રાગટ્ય ડાયસ ઉપર બિરાજમાન મહાનુભાવો પાસે વૈદિક મંત્રોથી કરાવવામાં આવ્યું. સ્વાગત કાર્યક્રમનું સંચાલન શ્રી હિતેશભાઈ ભટ્ટે કર્યું.

એજન્ડા મુજબ ગત કારોબારી મિટીંગ તા. ૨૪-૧-૨૦૨૪થી આજની કારોબારી બેઠક સુધીમાં જે જ્ઞાતિજનો સ્વર્ગસ્થ થયેલ, નામી-અનામી, તેમાં ખાસ કરીને સ્વ. શ્રી કિરીટભાઈ ઉપાધ્યાય, મા.મંત્રીશ્રી, સ્વ. શ્રી વાસુદેવભાઈ ભટ્ટ, સ્વ. શ્રી ઉપેન્દ્રભાઈ ગોર તથા સ્વર્ગસ્થ તમામ જ્ઞાતિજનોને બે મિનીટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ. કારોબારી બેઠકનું સંચાલન નવનિયુક્ત મંત્રીશ્રી દિલીપ દીક્ષિતે સંભાળ્યું હતું.

મંદિર કમિટીના સહકન્વીનર શ્રી દિલીપ દીક્ષિતે શ્રી વાઘેશ્વરી માતાજી, વલ્લભીપુરનો અહેવાલ રજૂ કર્યો. તેમાં મંદિરમાં થયેલ કામો તથા હવે પછી કરવાના કામોની માહિતી આપી.

નવનિયુક્ત તંત્રીશ્રી કીર્તનભાઈ દીક્ષિતે આપણું માસિક મુખપત્ર વાલમ વર્તમાન ઓછા ખર્ચે અને સુંદર સુવ્યવસ્થિત થાય તે માટે વિસ્તૃત માહિતી આપી. ઉપપ્રમુખ શ્રી જયપ્રકાશ શુક્લએ વાલમ વર્તમાનમાં જાહેરાતો લાવી ખર્ચ ઘટાડવા માટે સર્વેને પ્રયત્નશીલ રહેવા જણાવ્યું.

મહામંડળના પ્રમુખશ્રી રશ્મિકાંત આચાર્યએ આપણી જ્ઞાતિના વિકાસ માટે યુવાનોને જ્ઞાતિના કાર્યો કરવા માટે આહ્‌વાન કર્યું. મુખ્ય મહેમાન શ્રી રસિકભાઈ જોષીએ સમૂહ જનોઈ, સમૂહ લગ્ન જેવા કાર્યો મહામંડળના નેજા નીચે થાય તેવું સૂચન કર્યું.

### કારોબારી બેઠકમાં થયેલ ઠરાવ

(૧) તા. ૨૮/૦૧/૨૦૨૪ની ગત કારોબારી બેઠકની મિનીટ્સ સ્વીકારીને મંજુર કરવામાં આવે છે.

(૨) મહામંડળના મંત્રીશ્રી વિજયભાઈ જી. આચાર્ય અને તંત્રી શ્રી મિતેષભાઈ જી. અધ્વર્યુના રાજીનામાનો સ્વીકાર કરવામાં આવે છે.

(૩) મહામંડળના મંત્રી તરીકે શ્રી દિલીપભાઈ જગન્નાથ દીક્ષિતની નિમણૂક કરવામાં આવે છે.

(૪) વાલમ વર્તમાનના તંત્રી તરીકે શ્રી દીક્ષિત કીર્તન રાજેન્દ્ર ની નિમણૂક કરવામાં આવે છે.

(૫) મહામંડળના ટ્રસ્ટી તરીકે શ્રી પાઠક યોગેશકુમાર પ્રમોદરાયની નિમણૂક કરવામાં આવે છે.

(૬) આપણા શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળના ચાર્ટર્ડ એકાઉન્ટ શ્રી હર્ષદભાઈ ઠક્કરે આપણા મહામંડળનું

ઓડિટ કરવા માટે અસમર્થતા દર્શાવતા તેમના સ્થાને શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળનું ઓડિટ કરવા માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી સરેમલ એન્ડ કાું. ની નિમણુંક કરવામાં આવે છે. જે સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

(૭) શ્રી વા.બ્રા.મહામંડળના સને ૨૦૨૩-૨૪ના ઓડિટેડ હિસાબો મહામંડળના ખજાનચી શ્રી ભરત ૨. ભટ્ટે હાજર સભ્યો સમક્ષ વાંચી સંભળાવ્યા, જે હિસાબો સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

(૮) આપણા શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળના બેંક એકાઉન્ટ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં ચાલે છે. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા તરફથી પ્રાપ્ત થયેલ સુચના અનુસાર શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળનું દર્પણ પોર્ટલમાં રજીસ્ટ્રેશન કરાવવાનું થાય છે. આ અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે પ્રમુખશ્રી / ખજાનચીશ્રીને સત્તા આપવામાં આવે છે.

(૯) તા. ૧૧-૧૧-૨૦૨૪ની ઈન્કમટેક્ષ વિભાગની ડિમાન્ડ નોટિસ અંગેની કાર્યવાહી કરવા માટે આપણા શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી સરેમલ એન્ડ કું. દ્વારા મહેનતાણાથી જરૂરી કાર્યવાહી કરવા માટે મંજુરી આપવામાં આવે છે.

(૧૦) કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી, વલ્લભીપુરના મંદિર કમિટીના સહકન્વીનરશ્રીના જણાવ્યા અનુસાર મંદિરના ગર્ભગૃહ તરફ જવાની સીડી નીચે માતાજી તથા મંદિરની જરૂરી વસ્તુઓ રાખવા માટે ઓરડીનું બાંધકામ કરેલ છે. જેનો ખર્ચ રૂા. ૬૫૮૦૦/- (અંકે રૂપિયા પાંસઠ હજાર આઠસો)નો થયેલ છે. જે ખર્ચ સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

શ્રી વાઘેશ્વરી માતાજી, વલ્લભીપુરમાં હોલમાં પાંચ બારીઓ છે, જે જર્જરીત હોવાથી મંદિરની સિક્યુરિટીને ધ્યાનમાં લેતા બારીઓ નવી કરવાનો એગ્રીમેન્ટ આપણા મહામંડળના એન્જીનીયરશ્રીનો અભિપ્રાય તથા તે અંગે મંદિર કમિટીમાં ઠરાવ કરી ફંડના પ્રમાણમાં ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવે છે.

(૧૧) શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળની વેબસાઈટ બનાવવા માટે મહામંડળની વેબસાઈટ કમિટીના કન્વીનરશ્રી અપુર્વ જી. પંડ્યાને કામગીરી સોંપવામાં આવી હતી. જેના એડવાન્સ પેટે રૂા. ૪૦૦૦૦/- (અંકે રૂપિયા ચાલીસ હજાર) આપવામાં આવેલ છે.

પરંતુ હજુ સુધી વેબસાઈટનો પ્રગતિ રિપોર્ટ મળ્યો નથી. તા. ૩૧-૧-૨૦૨૫ સુધીમાં આ અંગેનો વેબસાઈટનો પ્રગતિ રિપોર્ટ મોકલી આપવા વેબસાઈટ કમિટીને જણાવવામાં આવે છે. કામ પુરું થવાની શક્યતા નહિવત હોય તો એડવાન્સ પેટે આપેલ રકમ પરત આપવા જણાવવું, જે આજની કારોબારીમાં ઠરાવવામાં આવે છે.

મિટીંગના અંતમાં મંત્રીશ્રી / પ્રમુખશ્રી એ સર્વે કારોબારી સભ્યો તથા ચારજથ્થા વિભાગ તથા શ્રી વાઘેશ્વરી ધામ, ઓગણજના ટ્રસ્ટી મંડળનો મિટીંગમાં સુંદર ભોજન વ્યવસ્થા કરવા બદલ આભાર માન્યો. સર્વેએ ચા-પાણી ગ્રહણ કરી મિટીંગની કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાં આવી.

- દિલીપ દીક્ષિત, મંત્રી, વા.બ્રા. મહામંડળ

## વીબીપીએલ સીઝન - ૯

આપણી જ્ઞાતિના યુવાનોને મેનેજમેન્ટના સરસ પાઠ ભણાવતી, એમની પ્રતિભાને બહાર લાવતી તથા જ્ઞાતિના બધા જ વિભાગોના યુવાનોને જોડતી એક ખૂબ જ સરસ ક્રિકેટ ટુર્નામેન્ટ વાલમ બ્રાહ્મણ પ્રિમીયર લીગ સીઝન-૯નું ખૂબ જ સુંદર આયોજન તાજેતરમાં ૨૮ ડિસેમ્બર, ૨૦૨૪ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ સુધી કરવામાં આવ્યું.

આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કુલ ૧૦ ટીમોએ ભાગ લીધો. રસાકસી ભરી લીગ મેચો બાદ ભૂદેવ ટાઈટન્સ અને




ભવાની ટાઈગર્સ તથા રાઈઝીંગ સ્ટાર્સ અને વાલમ બ્રધર્સ ટીમો વચ્ચે સેમીફાઈનલ રમાઈ. તેમાં રોમાંચક જીત મેળવી ભૂદેવ ટાઈટન્સ તથા વાલમ બ્રધર્સ વચ્ચે ફાઈનલ મેચ રમાઈ. ફાઈનલ મેચમાં જીત મેળવી વાલમ બ્રધર્સની ટીમ ચેમ્પિયન બની. આ ટુર્નામેન્ટની વિજેતા વાલમ બ્રધર્સની ટીમને ચેમ્પિયન્સ ટ્રોફી તથા ભૂદેવ ટાઈટન્સને રનર્સ અપ ટ્રોફી આપવામાં આવી.



ફાઈનલમાં વિજેતા ટીમ વાલમ બ્રધર્સના માલિક શ્રી ભાઈલાલભાઈ ભટ્ટ હતા અને રનર્સ અપ ટીમ ભૂદેવ ટાઈટન્સના માલિક શ્રી રાકેશભાઈ ભટ્ટ હતા.

આ ટુર્નામેન્ટમાં જ્ઞાતિના ૧૦ ટીમના થઈ ૧૪૦ ખેલાડીઓએ ભાગ લીધો. ખૂબ જ સરસ અને ખેલદિલીની ભાવનાથી બધાએ આ રમતમાં ભાગ લીધો. ખેલાડીઓનો ઉત્સાહ વધારવા વિવિધ વિભાગમાંથી વડીલો, બહેનો, યુવાનો તથા નાના ભૂલકાઓ પ્રેક્ષક તરીકે દરેક મેચમાં સારી સંખ્યામાં હાજરી આપી. મેચ દરમ્યાન બધાજ દિવસોએ સવારમાં નાસ્તો, બપોરે ભોજન તથા બપોરે ચા આપવાનું ખૂબ જ સરસ આયોજન કરવામાં આવ્યું હતું. ચા-નાસ્તા, ભોજન, દરેક ખેલાડીઓને ટી-શર્ટ, મેચ દરમ્યાન વપરાતા ટેનિસ બોલ, વિવિધ ટ્રોફી વગેરે માટે અલગ અલગ દાતાઓએ સ્પોન્સરશીપ આપી આયોજકોનો ઉત્સાહ વધાર્યો.

આ ટુર્નામેન્ટના આયોજનમાં મુખ્ય આયોજકો, દસે દસ ટીમના કેપ્ટન તથા અન્ય યુવાનો તથા દાતાઓએ ખૂબ જ મહેનત કરી આ ટુર્નામેન્ટને સફળ બનાવેલ છે.



પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ - મિહિર વ્યાસ
બેસ્ટ બેટ્સમેન ઓફ ધ ટુર્નામેન્ટ - કૌશલ જોશી
બેસ્ટ બોલર ઓફ ધ ટુર્નામેન્ટ - જયદીપ ડી. વ્યાસ
બેસ્ટ ફિલ્ડર ઓફ ધ ટુર્નામેન્ટ - ડૉ. ધૈર્ય ભટ્ટ
મેન ઓફ ધ મેચ (ફાઈનલ) - વ્યોમ જોશી
ચેમ્પિન ટીમના કેપ્ટન - આશિષભાઈ પંડ્યા
રનર્સ અપ ટીમના કેપ્ટન - મિહિર વ્યાસ

## મહામંડળ કાર્યાલયે આવેલ ભેટની યાદી

| | |
|---|---|
| ૩૦૦૦ | ડૉ. ધૈર્યકુમાર ભાઈલાલભાઈ ભટ્ટ, વા.વ. સહાય, વા.વ.માં પટ્ટી જાહેરાત માટે, ૧૭૮૪૯ |
| ૧૦૧ | વ્રજ નિલેશભાઈ ઉપાધ્યાય, કુળદેવી ભેટ, ૧૭૮૫૦ |
| ૫૦૦ | જય રસિકભાઈ જોષી, વા.વ. સહાય, પા પાનાની મેટર માટે, ૧૭૮૫૧ |
| ૧૫૦ | પિન્કી રાજેશભાઈ જોષી, વા.વ. સહાય, સ્વ. કોકીલાબેન રશ્મિકાંત ભટ્ટના સ્મરણાર્થે, ૧૭૮૫૨ |
| ૫૦૦ | પિન્કી રાજેશભાઈ જોશી, નિરાધાર સ્ત્રી ફંડ, ૧૭૮૫૩ |
| ૧૦૦૧ | મિહીર પ્રકાશભાઈ મહેતા, તિથીદાન, સંજય મિહીરભાઈ મહેતા, લગ્નદિવસ ૧૮-૧૦-૨૦૨૪, હસ્તે કૌશિકભાઈ જી. આચાર્ય, ૧૭૮૫૪ |
| ૫૦૧ | રિધમ ટેકનોલોજી, કુળદેવી ભેટ, હસ્તે ઘનશ્યામભાઈ એસ. પંડ્યા, ૧૭૮૫૫ |
| ૧૦૦૦૦ | બાલકૃષ્ણ મણિશંકર ઉપાધ્યાય, અન્ય ફંડ, સ્વ. મણિશંકર રે. ઉપાધ્યાય અને સ્વ. કાંતાબેન મ. ઉપાધ્યાયના ફોટા વાઘેશ્વરી માતાજીના મંદિરના હોલમાં મુકવા માટે, ૧૭૮૫૬ |
| ૦૦૦ | રસીદ નં. ૧૭૮૫૭ રદબાતલ |
| ૨૫૦ | યોગેશ વિશ્વનાથ અધ્વર્યુ, કુળદેવી ભેટ, ૧૭૮૫૮ |
| ૩૦૦૦ | દેવેશકુમાર રતિલાલ વ્યાસ, ૨૫૦૦/- નોકરીમાંથી વયનિવૃત્તિ પ્રસંગે કુળદેવી ભેટ, ૫૦૦/- ચિ. પૌત્રી કાવ્યાની જન્મ વધામણાની મેટર માટે, ૧૭૮૫૯ |

## વાઘેશ્વરી માતાજીના મંદિર, વલ્લભીપુર આવેલ ભેટ તથા વસ્તુ ની યાદી

| | |
|---|---|
| ૧૦૦ | અર્ચનાબેન હિરેનભાઈ અધ્વર્યુ, ૧૪૨૪ |
| ૫૦૦ | કિર્તીબેન યોગેશભાઈ જોષી, ચિ. વૈભવના લગ્નપ્રસંગે ભેટ, ૧૪૨૫ |
| ૨૫૦ | પાતળીયા હનુમાન,અમદાવાદ, ૧૪૨૬ |
| ૩૨૯૦ | પેન્શનર મીટીંગ (વલભીપુર), ૧૪૨૭ |
| ૧૦૦૦ | સ્વ. નરહરીભાઈ ગોરધનભાઈ ભટ્ટ, તિથીદાન, શ્રાવણ વદ ૨, હસ્તે ભાવેશ એન. ભટ્ટ, ૧૪૨૮ |
| ૫૦૦ | કેશા તથા હર્ષિલ ભાવેશકુમાર ભટ્ટ, હસ્તે વ્રજેશ ભાસ્કરભાઈ ગોર, ૧૪૨૯ |
| ૫૦૦ | જીતેન્દ્રકુમાર જે. અધ્વર્યુ, છાણી, ૧૪૩૦ |
| ૨૦૦ | યોગેશભાઈ પી. પાઠક, ૧૪૩૧ |
| ૧૦૦ | દર્શ નિશાંત આચાર્ય, ૧૪૩૨ |
| ૧૦૦ | વેદિકા અમિત આચાર્ય, ૧૪૩૩ |
| ૧૦૦ | તનિષા મિહીરભાઈ દીક્ષિત, ૧૪૩૪ |
| ૧૦૦ | સૂર્યકાંત કે. ભટ્ટ, ૧૪૩૫ |
| ૧૦૦ | વિજયભાઈ બી. જોષી, ૧૪૩૬ |
| ૨૦૦ | પ્રિયાંક વિજયભાઈ આચાર્ય, ૧૪૩૭ |
| ૨૦૦ | વિરેન્દ્ર જી. આચાર્ય, ૧૪૩૮ |
| ૨૦૦ | સ્વ. કુસુમબેન દુર્ગાપ્રસાદ આચાર્ય, ૧૪૩૯ |
| ૨૦૦ | રશ્મીકાંત કે. આચાર્ય, ૧૪૪૦ |
| ૧૦૦ | જયેન્દ્ર આર. આચાર્ય, ૧૪૪૧ |
| ૧૦૦ | ઉદય જગદીશભાઈ દીક્ષિત, ૧૪૪૨ |
| ૧૦૦ | હર્ષદરાય પી. દીક્ષિત, ૧૪૪૩ |
| ૧૦૦ | સતીષભાઈ બી. દીક્ષિત, ૧૪૪૪ |
| ૨૫૦ | સ્વ.નર્મદાશંકર નારણદેવ આચાર્ય, (૩૬મી પુણ્યતિથી નિમિત્તે) હસ્તે પ્રમોદભાઈ, ૧૪૪૫ |
| ૫૦૦ | સંધ્યા ઉમેશકુમાર દવે (મુંબઈ) સાડી પેટે, ૧૪૪૬ |
| ૨૫૦ | આશાબેન અતુલભાઈ વ્યાસ, ભાવનગર, ૧૪૪૭ |
| ૩૭૬૦ | પ્રદ્યુમનસિંહ લઘુભા ચુડાસમા, વલભીપુર અન્ય ફંડ, ૧૪૪૮ |

## ભેટની યાદી

| | |
|---|---|
| સાડી-૧ | અર્ચનાબેન હિરેનભાઈ અધ્વર્યુ, વસ્ત્રાપુર, ૪૮૮૮ |
| સાડી-૧ | પુર્ણિમા યોગેશભાઈ ભટ્ટ, અમદાવાદ, ૪૮૮૯ |

## નિવૃત્ત થયા છે...



શ્રી દેવેશકુમાર રતિલાલ વ્યાસ, જન્મ સ્થળ - ડીસા, જન્મ તારીખ : ૨-૯-૧૯૬૬, કર્મભૂમિ - સુરત. સુરત મહાનગર પાલિકામાં ૧૮-૧-૧૯૮૬માં ક્લાર્ક તરીકે જોડાયા. કતારગામ ઝોન - આસી. વિજીલન્સ એન્ડ ઈન્સ્પેક્શન ઓફિસર તરીકે છેલ્લા ૭ વર્ષ વિજીલન્સ વિભાગમાં ફરજ બજાવી તા. ૩૦-૯-૨૦૨૪ના રોજ નિવૃત્ત થયેલ છે. તેમનું નિવૃત્ત જીવન તંદુરસ્તીભર્યું તથા પ્રસન્ન રહે તેવી શુભેચ્છા. તેમના તરફથી નિવૃત્તિ નિમિત્તે રૂા. ૨૫૦૦/- મહામંડળને ભેટ મળેલ છે.

## લગ્ન વિષયક

હ્યુસ્ટન, યુ.એસ.એ.ના યુ.એસ. સીટીઝન
ચરોતર વાલમ બ્રાહ્મણ યુવક

જન્મ તા. : ૧૩-૦૪-૧૯૮૯
ઉંચાઈ : ૫' ૮"
અભ્યાસ : એમ.એસ. (એન્વાયર્નમેન્ટ સાયન્સ)

સર્વિસ : એન્વાયર્નમેન્ટ પ્રોજેક્ટ મેનેજર તરીકે નોકરી અને સારી આવક ધરાવતા યુવક માટે રસ ધરાવતા વાલીએ વાલમ બ્રાહ્મણ કન્યાના સંપૂર્ણ લગ્ન વિષયક બાયોડેટા વોટ્સએપથી મોકલી આપવા વિનંતી.

સંપર્ક માટે વોટ્સએપ નંબર
+૯૧ ૯૮૨૪૪ ૭૯૯૪૪

જ્ઞાતિજનોને જણાવવાનું કે આપના અનુદાન મહામંડળના નીચેના એકાઉન્ટમાં સીધા જમા કરાવી શકો છો.

**A/c. Name : Shri Valam Brahman Mahamandal**
**Bank : Central Bank of India** **Branch : Vasna Br., Ahmedabad.**
**A/c. No. : 1059037810** **IFSC Code : CBIN0281463**

રકમ જમા કરાવ્યાની જાણ ખજાનચીશ્રી ભરત ભટ્ટને
મો. નંબર - **9510893585** ઉપર અનિવાર્ય રૂપે કરાવવા વિનંતી.

**મહેન્દ્રભાઈ પટેલ** (M) 9428602603 / 9376138611
# ન્યુ સાવલીયા ડેકોરેટર્સ એન્ડ હાયરર્સ
**મધુલતા સાંસ્કૃતિક હોલ, વાસણાના ડેકોરેશન કોન્ટ્રાક્ટર**
**શુભ પ્રસંગે રસોઈના વાસણ, ટેબલ, ખુરશી, મંડપ તથા ગાદી ભાડે આપનાર**
**૩, વિજયંત શોપ્સ એપાર્ટમેન્ટ, ઈડન ગાર્ડન સામે, બંસીધર સોસાયટીની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.**

## તિથિદાન

**મહા સુદ ૧૪ થી ફાગણ સુદ ૧૩ (તા. ૧૧-૦૨-૨૦૨૫ થી ૧૦-૦૩-૨૦૨૫) સુધી**

સ્વ. વાસંતીબેન કૃષ્ણકાંત આચાર્યની સ્મૃતિમાં ચાલુ માસની બાકી રહેતી તિથીઓ માટે પૂજા,થાળ, અર્ચન

મહા સુદ ૧૪
બાબુભાઈ (પ્રવિણભાઈ) રામચંદ્ર ભટ્ટ
રવિશંકર કાશીરામ ગોર
માણેકલાલ કરૂણાશંકર આચાર્ય
કેશવલાલ ફુલશંકર વ્યાસ

મહા સુદ પૂનમ
દેવેન્દ્ર હરિદત્ત ઉપાધ્યાય
વ્રજલાલ અમ્રૃતલાલ અધ્વર્યુ
રજનીકાંત પરમાનંદદાસ અધ્વર્યુ
અન્નપૂર્ણાબેન માણેકલાલ મહેતા
પરમાનંદદાસ ધનેશ્વર મહેતા
સપનાબેન પ્રવિણચંદ્ર પુરોહિત

મહા વદ ૧
જ્યોતિકુમાર નૌતમલાલ જોષી
શંકરલાલ જેઠાલાલ આચાર્ય
રસીકલાલ રામજીભાઈ જોષી
બીનાબેન રાજેન્દ્રભાઈ પુરોહિત
વૈશાલીબેન હેમંતભાઈ પુરોહિત
લીલાવતીબેન વિનાયકરાવ ભટ્ટ
બીનાબેન રાજેન્દ્રભાઈ પુરોહિત

મહા વદ ૨
સમજુબેન રતિલાલ આચાર્ય
દયાબેન છોટાલાલ મહેતા
વિપુલ નવિનચંદ્ર મહેતા
દમયંતીબેન ભાસ્કરભાઈ ઠાકર
મનહરબાળા તનસુખરામ આચાર્ય
પરસોત્તમદાસ મોહનલાલ મહેતા

મહા વદ ૩
લલીતાબેન માણેકલાલ મહેતા
અશોકકુમાર મૂળશંકર આચાર્ય
કમળાબેન મોહનલાલ દિક્ષીત
કંકુબેન કાળીદાસભાઈ ભટ્ટ

મહા વદ ૫
ચંદનબેન ઉમિયાશંકર શુકલ
લજ્જાશંકર શિવશંકર અધ્વર્યુ
પ્રમોદભાઈ જગજીવનદાસ ભટ્ટ

મહા વદ ૬
નટવરલાલ નાગરદાસ ભટ્ટ
પ્રાગજીભાઈ ભીમજીભાઈ રાવલ

મહા વદ ૭
મહેશભાઈ વિશ્વનાથ અધ્વર્યુ
જસુમતીબેન ગાયત્રીપ્રસાદ આચાર્ય

મહા વદ ૮
પાર્થિવભાઈ ડાહ્યાલાલ વ્યાસ

મહા વદ ૯
વિષ્ણુભાઈ જયંતિલાલ પાઠક
વિદ્યાબેન ફુલશંકર મહેતા
રતિદેવ વેણીશંકર આચાર્ય
જશુમતિબેન ઈન્દુપ્રસાદ દિક્ષીત

મહા વદ ૧૦
શાંતિલાલ શીવશંકર ઉપાધ્યાય

મહા વદ ૧૧
લાભશંકર જેશંકર મહેતા
ઉર્મિલાબેન હરીકૃષ્ણ દિક્ષીત
મહેશભાઈ રતિલાલ વ્યાસ

મહા વદ ૧૨
મહાલક્ષ્મીબેન મણીશંકર ઉપાધ્યાય
શંકરલાલ લલ્લુભાઈ મહેતા

મહા વદ ૧૩ (શિવરાત્રી)
કમળાબેન (મણીશંકર પ્રભાશંકર ભટ્ટની દીકરી)
મંગળરામ રવીશંકર મહેતા
લાડકીબોન ત્રિભોવનદાસ ઉપાધ્યાય
ભારતીબેન પ્રફુલચંદ્ર ભટ્ટ
યોગેન્દ્રકુમાર વિનાયકરાવ ભટ્ટ
રક્ષાબેન પિયુષકુમાર ભટ્ટ
ઉદયશંકર હરીશંકર જોષી
નરેન્દ્રભાઈ બળવંતરાય અધ્વર્યુ

મહા વદ ૧૪
પ્રવિણભાઈ અંબાલાલ વ્યાસ
ધનલક્ષ્મી કનકરાય ઉપાધ્યાય

મહા વદ અમાસ
રવિશંકર શામળદાસ મહેતા
મુકુંદભાઈ ફુલશંકર ભટ્ટ
શાંતાબેન જમનાશંકર પાઠક

ફાગણ સુદ ૧
ફુલશંકર જગજીવનદાસ મહેતા

ફાગણ સુદ ૨
દશરથલાલ હરગોવિંદદાસ દિક્ષીત

ફાગણ સુદ ૩
રતિલાલ ગંગારામ ઉપાધ્યાય
શાંતાબેન મંગળરામ મહેતા
વિરેન્દ્રભાઈ નટવરલાલ પંડ્યા
જનાર્દનભાઈ શાંતિલાલ જોષી

ફાગણ સુદ ૪
પુંજાલાલ ઈચ્છારામ પુરાણી
ચંપકલાલ આર. ભટ્ટ

ધીરજલાલ ભાનુપ્રસાદ વ્યાસ
ઘનશ્યામભાઈ હરિલાલ વ્યાસ

ફાગણ સુદ ૫

ડાહ્યાલાલ જી. વ્યાસ
કંચનબેન રામચંદ્ર દિક્ષીત
અવિનાશ જશુભાઈ પુરોહિત

ફાગણ સુદ ૬

વિભાબેન મહેશદત્ત ગોર

ફાગણ સુદ ૭

કરશનજી મનોરદાસ મહેતા
સરલાબેન હરીશભાઈ ઉપાધ્યાય
પરમાનંદભાઈ અંબાશંકર આચાર્ય

ફાગણ સુદ ૮

ડાહ્યાલાલ પુરુષોત્તમદાસ ઉપાધ્યાય
સુમિત્રાબેન હરિશંકર પંડ્યા
ગીતાબેન મહેશભાઈ પંડ્યા
સુશીલાબેન શાંતિલાલ દીક્ષિત

ફાગણ સુદ ૯

સોમેશ્વર મથુરભાઈ ઉપાધ્યાય
શાંતિલાલ ભાઈશંકર પંડ્યા
ભાનુપ્રસાદ પ્રભાશંકર શુકલ

ફાગણ સુદ ૧૦

વિનાયકરાવ ઉમિયાશંકર ભટ્ટ
સુરેન્દ્રભાઈ ભગવાનદાસ મહેતા
સાવિત્રીબેન નરહરીભાઈ વ્યાસ

ફાગણ સુદ ૧૧

લક્ષ્મીકાંત હિંમતલાલ શુકલ
નવીનચંદ્ર સોમનાથ ભટ્ટ

ફાગણ સુદ ૧૨

ભાઈશંકર શામળજી પંડ્યા
શાંતાબેન નટવરલાલ પુરોહિત
શાંતાબેન જયંતિલાલ મહેતા

ફાગણ સુદ ૧૩

હરિકૃષ્ણ પ્રભાશંકર દિક્ષીત
શાંતાબેન અમરચંદ ઝવેરી
જાગૃતિબેન રાજેન્દ્ર ઉપાધ્યાય

## જન્મદિન શુભેચ્છા

૧૫/૨ કુંદનબેન પરમાનંદ મહેતા
૧૬/૨ તનીષા મિહીરભાઈ દીક્ષિત
૨૬/૨ જસુબેન રામનારાયણ જોષી

## લગ્નદિવસ શુભેચ્છા

૨૩/૦૨ વિનોદચંદ્ર કૃષ્ણરામ વ્યાસ- અનસૂયાબેન વિનોદચંદ્ર વ્યાસ

## લગ્નજયંતિ શુભેચ્છા

૨૧/૦૨ સ્વ.વસંતભાઈ રામચંદ્ર દીક્ષિત - શકુંતલાબેન વસંતભાઈ દીક્ષિત

: **ખાસ નોંધ** : તિથિમાં સુધારા વધારા તથા તિથિદાનને લગતી બાબતો માટે શ્રી વિરેન્દ્ર આચાર્યનો વોટ્સએપ નં. 9979890059 પર સંપર્ક કરવા વિનંતી.

## વાલમ વર્તમાન સ્પોન્સરશીપ યોજના

**વાલમ વર્તમાનના એક અંકના પ્રાયોજક - સ્પોન્સરશીપ માટે**
**વાલમ વર્તમાન સહાય પેટે રૂા. ૧૦૦૦૦/- અનુદાન આપી**
**વાલમ વર્તમાનના સ્પોન્સરર બની શકાય છે.**
**સ્પોન્સરરને તેમની મેટર માટે એક પાનું ફ્રીમાં આપવામાં આવે છે.**
**સર્વે જ્ઞાતિજનોને આ યોજના અંતર્ગત**
**વાલમ વર્તમાન સ્પોન્સરશીપ માટે આગળ આવવા નમ્ર વિનંતી છે.**

ડૉ. ધૈર્ય બી. ભટ્ટ (M) 7383245526

**માતૃ ક્લિનીક**
૨૪, સહજ રેસીડેન્સી, નિકોલ લેક ગાર્ડન પાસે, નિકોલ,અમદાવાદ

**આરોગ્યમ્ હોસ્પિટલ**
મેડીકલ । સર્જીકલ । ઓર્થોપેડીક
બી-૬, શિવદર્શન સોસાયટી, મનમોહન ચાર રસ્તા પાસે, ઓઢવ-નિકોલ રોડ, ઓઢવ

**રુદ્રાય હોસ્પિટલ**
મેડીકલ । આઈસીયુ । સર્જીકલ । ડેન્ટલ
છઠ્ઠો માળ, હીલ ટાઉન લેન્ડમાર્ક, દાસ ખમણની સામે, સાનિધ્યપાર્ક પાસે નિકોલ-નરોડા રોડ, નિકોલ

## તાજેતરમાં અવસાન પામેલ નીચેના સ્વજનોના આત્માની શાંતિ માટે પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ

★ યુએસએ (મોગર) : કુસુમબેન નિરંજનપ્રસાદ પુરોહિત
★ યુએસએ (કરમસદ) : દિલીપભાઈ શંભુપ્રસાદ પુરોહિત
★ યુએસએ : અશ્વિનભાઈ હરિલાલ આચાર્ય
★ અમદાવાદ:ભારતીબેન ઘનશ્યામલાલ ઉપાધ્યાય
★ અમદાવાદ : નિરવભાઈ યોગેશભાઈ દીક્ષિત
★ અમદાવાદ : ઉમેશભાઈ ડાહ્યાપ્રસાદ આચાર્ય
★ અમદાવાદ : હરિશચંદ્ર છગનલાલ ભટ્ટ
★ અમદાવાદ : સ્વયમ ભાવેશભાઈ વ્યાસ
★ અમદાવાદ : ગોપાલકૃષ્ણ રામકૃષ્ણ અધ્વર્યુ
★ વડોદરા : કોકીલાબેન નર્મદાશંકર પંડ્યા
★ વડોદરા : કલ્પનાબેન પંકજભાઈ આચાર્ય
★ રાજકોટ : કિરણકુમાર સુરેશચંદ્ર ભટ્ટ
★ રાજકોટ : દર્શન જીતેન્દ્રપ્રસાદ પંડ્યા
★ રાજકોટ : પ્રફુલ્લાબેન શરદચંદ્ર ઉપાધ્યાય
★ કડી : નટવરલાલ નરસિંહપ્રસાદ વ્યાસ
★ સોજીત્રા : કુમુદબેન હરિકાંત પંડ્યા

**સુધારો :** ગત અંકમાં અવસાન નોંધમાં દિવ્યાબેન રાજેશકુમાર જોશી નામ શરતચૂકથી છપાઈ ગયેલ છે. સ્વર્ગસ્થ કોકીલાબેન રશ્મિકાંત ભટ્ટ વાંચવું.... ક્ષમા કરશો.

## વાલમ વર્તમાનમાં મેટરના દર

| | |
|---|---|
| શ્રધ્ધાંજલિ (૧/૨ પાનું) | રૂા. ૭૫૦/- |
| શ્રધ્ધાંજલિ (૧ પાનું) | રૂા. ૧૫૦૦/- |
| અન્ય મેટર (૧/૮ પાનું) | રૂા. ૩૦૦/- |
| અન્ય મેટર ૧ પાનાના (વધુમાં વધુ બે પાનાની મર્યાદામાં) | રૂા. ૨૦૦૦/- |
| પટ્ટી જાહેરાત - ૧ ૨ અંકના | રૂા. ૩૦૦૦/- |


मधुवन फार्म પાર્ટી પ્લોટ
શુભ લગ્ન પ્રસંગે, રીસેપ્શન, બર્થ ડે પાર્ટી, સગાઈ વિધી, કોર્પોરેટ પાર્ટી, ઈવેન્ટ માટે વિશાળ પાર્કિંગની સુવિધા સાથે પાર્ટીપ્લોટ ભાડે મળશે.
ચારધામ મંદિર સામે, પૂનમપૂરા પાટિયા, નેનપુર ચાર રસ્તા પાસે, ગામ સણસોલી, મહેમદાવાદ રોડ, મહેમદાવાદ, જી.ખેડા
બુકીંગ માટે (M) 9898946136/9879187484

કાઠીયાવાડનો સ્વાદ હવે આપના દરવાજે...
કાઠીયાવાડી । પંજાબી । ચાઈનીઝ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
ઓર્ડર માટે : (M) 9558811479

કાઠીયાવાડી ઢાબા
૧૦,૧૧,૧૨, અક્ષરધામ રેસીડેન્સી, ડી-માર્ટ પાસે, નિકોલ-હરીદર્શન રોડ, નવા નરોડા, અમદાવાદ-૩૮૦૦૪૯.

શ્રી પ્રકાશભાઈ બી. વ્યાસ અને શ્રી ચિરંજીતભાઈ વ્યાસ અને પરિવારના જયશ્રી સાંઈરામ

SAI FINANCIAL SERVICES
SHREE SAIRAM CONSULTANCY PVT. LTD.
SHREE SAIRAM INVESTMART PVT. LTD.
401, 404, 405, Sur Sarthi Complex, Nr. Ambawadi Circle, Ahmedabad-380006.
Phone : (O) 079-40025207 (M) 98250 24877


## જ્ઞાતિરત્ન ડૉ. ઉત્પલભાઈ શશીકાંત જોષી



તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વાઈસ ચાન્સેલર તરીકે ગુજરાત સરકાર દ્વારા નિયુક્તિ પામેલ સમગ્ર વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ માટે ગૌરવરૂપ એવા જ્ઞાતિરત્ન શ્રી ડૉ. ઉત્પલભાઈ શશીકાંત જોષી વિદ્યાર્થી કાળથી જ ઉજ્જવળ કારકિર્દી ધરાવે છે. વર્ષ ૧૯૯૨માં જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી એમ.એસસી. ફિઝીક્સની ડિગ્રી પ્રાપ્ત કરી, તે જ યુનિવર્સિટીના આજે ઉપકુલપતિ તરીકે નિયુક્તિ એ ખરેખર તેઓના કુટુંબ સહિત સમગ્ર જ્ઞાતિ માટે ગૌરવપૂર્ણ ક્ષણ છે. હાઈ ટેમ્પરેચર સુપર કંડકટીવીટી વિષય સાથે વર્ષ ૧૯૯૬માં પીએચ.ડી. કરનાર શ્રી ઉત્પલભાઈ કુલ ૩૦ વર્ષનો શૈક્ષણિક ક્ષેત્રે અનુભવ ધરાવે છે.

તેઓશ્રીના માર્ગદર્શન હેઠળ ૧૩ વિદ્યાર્થીઓને પીએચ.ડી., ૧૧ વિદ્યાર્થીઓને એમ.ફીલ. તથા ૧૦ વિદ્યાર્થીઓને એમ.ઈ.ની ડિગ્રી એનાયત થયેલ છે. અંદાજીત ૧ કરોડ ૨૫ લાખના વિવિધ ૧૨ રિસર્ચ પ્રોજેક્ટ તેઓશ્રીના વડપણ હેઠળ પરિપૂર્ણ થયેલ છે. ૧૧૪ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ, ૧૨૩ રાષ્ટ્રીય કોન્ફરન્સ, ૧ આંતરરાષ્ટ્રીય બુક તથા ૨૨ ઈન્વાઈટેડ ટોક જેવી બહોળી સિદ્ધિ તેઓશ્રીની અથાગ મહેનત તથા વિચક્ષણ ટેકનિકલ જ્ઞાન દ્વારા તેઓશ્રીએ હાંસલ કરેલ છે.

વિશ્વના અનેક દેશો જેવા કે જાપાન, ચીન, સિંગાપુર, મલેશિયા, ઈટાલી તેમજ ફ્રાન્સ ખાતે કુલ ૬ વખત એકેડેમીક વિઝીટ તેઓશ્રીના વડપણ હેઠળ થયેલ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ઘણા વખતથી વાઈસ ચાન્સેલરની ખાલી પડેલી જગ્યા ઉપર શ્રી ડૉ. ઉત્પલભાઈની લાંબી તેમજ સફળ અધ્યાપન યાત્રાને ધ્યાને લઈને ગુજરાત રાજ્ય સરકારે તેઓને નિયુક્ત કર્યા તે બદલ તેઓશ્રીને અનેક અનેક અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ.

★ શ્રી ઉત્પલભાઈએ પ્રાપ્ત કરેલ નોંધપાત્ર આંતરરાષ્ટ્રીય પુરસ્કાર :

(૧) જાપાન સ્થિત કાતો ફેલોશીપ-૨૦૦૫ (૨) ઈન્ડો-ફ્રેન્ચ જોઈન્ટ રિસર્ચ કમિટી-૨૦૧૫ (૩) ૧ વર્ષ જાપાનની ટોક્યો ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીમાં સંશોધન માટે ભારત સરકારના ડીએસટી વિભાગ દ્વારા બોયસ્કસ્ટ ફેલોશીપ-૨૦૦૪ (૪) બેસ્ટ સંશોધન પત્ર એવોર્ડ-૦૫

★ શ્રી ઉત્પલભાઈએ પ્રાપ્ત કરેલ નોંધપાત્ર રાષ્ટ્રીય પુરસ્કાર :

(૧) ભારત સરકારના ડીએસટી વિભાગ તરફથી યંગ સાયન્ટિસ્ટ એવોર્ડ ૧૯૯૮ (૨) ઈન્ડિયન એકેડેમી ઓફ સાયન્સની ટીચર્સ ફેલોશીપ-૨૦૦૩ (૩) એટોમિક એનર્જી કમિશન દ્વારા યંગ સાયન્ટિસ્ટ એવોર્ડ-૨૦૦૬ (૩) જેએનસીએએસઆર, બેંગ્લોર દ્વારા વિઝીટીંગ સાયન્ટિસ્ટ એવોર્ડ-૨૦૧૨ (૪) ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી દ્વારા મટિરીયલ સાયન્સ ક્ષેત્રે બેસ્ટ સંશોધન પત્ર એવોર્ડ-૨૦૦૯ (૫) યુજીસી ચેરમેન દ્વારા દિલ્હી સ્થિત સંશોધન સંસ્થા-ઈન્ટર યુનિવર્સિટી એક્ષલેરેટર સેન્ટર-ની સર્વોચ્ચ ગવર્નિંગ કાઉન્સીલના સભ્ય તરીકે નિયુક્તિ ૨૦૨૧-૨૦૨૪ (૬) ગુજરાત સરકાર દ્વારા નેનો ટેકનોલોજી વિષયમાં અભ્યાસક્રમ બનાવવા માટે વિષય નિષ્ણાંત

★ શ્રી ઉત્પલભાઈએ સંભાળેલ અન્ય જવાબદારીઓ :

(૧) રાજ્યની વિવિધ ૯ યુનિવર્સિટીમાં ફિઝિક્સ વિષયની બોર્ડ ઓફ સ્ટડીઝના સભ્ય (૨) ૧૧ યુનિવર્સિટીમાં પીએચ.ડી. માટે સબ્જેક્ટ એક્સપર્ટ (૩) ગુજરાત યુનિવર્સિટીમાં અનુસ્નાતક પરીક્ષાના કોઓર્ડિનેટર (૨૦૧૯ થી) (૪) ગુજરાત યુનિવર્સિટીમાં મેડીકલ સ્નાતક અને અનુસ્નાતક પરીક્ષાના કોઓર્ડિનેટર (૨૦૨૩) (૫) ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સીલમાં ચૂંટાયેલ સભ્ય (૨૦૨૦-૨૦૨૨) (૬) ગુજરાત સરકાર દ્વારા નિમાયેલ ગુજરાત યુનિ. સેનેટ સભ્ય (૨૦૨૧-૨૦૨૬) (૭) અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક સંઘ, ગુજરાત યુનિવર્સિટીની શરૂઆત કરી અને અધ્યક્ષ તરીકેનું દાયિત્વ (૨૦૧૮-૨૦૨૪)

R.N.I. NO. 14974/57 Post. Reg. No. GAMC-56/2024-26 Valid up to 31-12-2026
Permitted to post at Ahmedabad PSO on 5th of every month

## શ્રી વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ સેવામંડળ આયોજીત શિયાળુ સ્નેહ મિલન અને ગાયત્રી હવન

સેવામંડળના ઉપક્રમે ગાયત્રી હવન અને શિયાળુ સ્નેહ મિલનનો કાર્યક્રમ તા. ૫-૧-૨૦૨૫ને રવિવારના રોજ વાલમ બેન્કવેટ હોલ, વડોદરા મુકામે યોજવામાં આવેલ. જેમાં દેશ-વિદેશના ૨૦૦ ઉપરાંત જ્ઞાતિજનો ઉત્સાહથી જોડાયા હતા. ગાયત્રી હવન અને શિયાળુ સ્નેહ મિલનના સમગ્ર કાર્યક્રમના યજમાન સ્પોન્સરર શ્રી હરીશભાઈ સૂર્યકાંત ભટ્ટ તથા અ.સૌ. ચારૂબેન, વડોદરા (વસો-યુ.એસ.એ.) તથા તેમના પરિવારજનોએ ગાયત્રી હવનની પૂજા સંપન્ન કરેલ.



તદ્‌ઉપરાંત સહયજમાન શ્રી હેમંતભાઈ જી. પુરોહિત (વડોદરા) અને શ્રી સુધીરભાઈ નરહરીભાઈ વ્યાસ (યુ.કે.-વસો) પરિવાર સહ પૂજન વિધિમાં જોડાયા હતા.

ગાયત્રી હવન પછી શિયાળુ સ્નેહમિલનના કાર્યક્રમ માટે નવનિર્મિત વાલમ બેન્કવેટ હોલમાં સૌ ગોઠવાયા. પ્રમુખ શ્રી અનિલભાઈ પુરોહિતે ઉમળકાભેર સ્વાગત ઉદ્‌બોધન કરતાં બેન્કવેટ હોલ માટે સહકાર આપનાર જ્ઞાતિજનો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી. સમગ્ર કાર્યક્રમના સ્પોન્સરર-યજમાન શ્રી હરીશભાઈ ભટ્ટ અને અ.સૌ. ચારૂબેન ભટ્ટનું પ્રમુખશ્રીએ વિશેષ સન્માન કરી આભાર માન્યો હતો. મંચસ્થ મહાનુભાવોનું પુષ્પથી અભિવાદન કરવામાં આવેલ.

મંત્રીએ સેવામંડળની પ્રવૃત્તિનો વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો અને બેન્કવેટ હોલ નામાભિધાન માટે શ્રી જયદેવભાઈ અને મધુકાન્તાબેન પુરોહિત પરિવાર તરફથી રૂા. ૨૫ લાખના અનુદાનની જાહેરાત કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત તેમના પરિવારના શ્રી જ્વલિતભાઈ-પૂર્ણિમાબેન અને શ્રી અનિલભાઈ-દિપ્તીબેનનું ખાસ અભિવાદન કરવામાં આવેલ. બેન્કવેટ હોલ તૈયાર કરવામાં સફળ નેતૃત્વ પુરૂં પાડનાર પ્રમુખશ્રી અનિલભાઈ પુરોહિતનું સૌ વતી મંત્રીશ્રી જયપ્રકાશ શુક્લએ પુષ્પ અભિનંદન કર્યું જેને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવેલ. હોલ કમિટીની સભ્યો સર્વે શ્રી જયેશ વૈદ્ય, મહેશ પુરોહિત અને નૈમિષ પુરોહિતનું પણ અભિવાદન કરી તેમની સેવાઓને બિરદાવવામાં આવેલ. ત્યારબાદ ભોજન પ્રસાદ લઈ સૌ છુટા પડ્યા હતા.

- સંકલન : જયપ્રકાશ શુક્લ, મંત્રી



Printed and Published by **JAYPRAKASHA BHANUPRASAD SHUKLA** on behalf of **VALAM BRAHMAN MAHA MANDAL** and Printed at **First Icon Printers**, 413/8, Alka Shopping Centre, Shah-e-Alam Tolnaka, Ahmedabad-380028 and Published from C/8, Prathna Flat, Opp. Ankur School, Fatehnagar, Paldi, Ahmedabad-380007.
Editor: **JAYPRAKASHA BHANUPRASAD SHUKLA**

ખાસ નોંધ : મુખપત્રમાં કોઈ પણ જ્ઞાતિબંધુ તેમજ વિભાગીય મંડળો તરફથી આવતી વિગતો, લખાણ, ભાષા માટે મહામંડળ તથા તંત્રી જવાબદાર નથી. - તંત્રી